# ગુજરાત સેલ્ફક ફાયનાન્સ્ સ્ફીલ્સર (રેગ્યુરલેશન ઓફ ફીઝ) એકટ-૨૦૧૭ અંતર્ગત ફી નિયમન સમિતિની રચનાની જાહેરાત કરાઈ

ગુજરાત સેલ્ફન ફાયનાન્સન સ્કુહલ્સે (રેગ્યુ લેશન ઓફ ફીઝ) એકટ-૨૦૧૭ અંતર્ગત ફી નિયમન સમિતિની રચના સાથે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને શિક્ષણ રાજ્યમંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ આજે અમદાવાદ, રાજકોટ અને સુરત ઝોનની કમિટીના અધ્યક્ષશ્રીઓ તથા સભ્યશ્રીઓના નામોની જાહેરાત કરી છે. આ જાહેરાત અંતર્ગત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓની નિમણૂંકના હુકમો આજે થઈ ગયા બાદ કમિટીના અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓ પોતાનો હોદ્દો સંભાળશે ત્યારથી આ કમિટી કાર્યરત થઈ જશે.

ગુજરાત સેલ્ફઅ ફાયનાન્સી સ્કૂલ્સ્ (રેગ્યુલલેશન ઓફ ફીઝ) નિયમો-૨૦૧૭ તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ અમલમાં આવેલ હોવાથી નિયત સમયમર્યાદામાં શાળા સંચાલકોએ ફી નિર્ધારણ અંગેની અરજી કરવાની રહેશે. હવે સમિતિના અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓની નિમણૂંકની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ આ અરજીઓ તથા ફરીયાદો બાબતે કામગીરી સત્વરે શરૂ થશે.

| અમદાવાદ ઝોન | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | | હોદ્દો | રીમાર્ક્સ |
| ૧ | શ્રી સી.એલ.મીના | નિવૃત્ત અગ્રસચિવશ્રી | અધ્યક્ષ | શ્રી મીના અગ્રસચિવશ્રી ના હોદ્દા પરથી નિવૃત થયેલ છે તથા નિવૃતિ બાદ તા.૧૬/૦૭/૨૦૧૨ થી ગુજરાત સિવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલમાં અધ્યક્ષ તરીકે સેવા બજાવતા હતા. તેઓએ મહેસુલ વિભાગ, નાણાં વિભાગ, શિક્ષણ વિભાગ વગેરે જેવા અગત્યના વિભાગોમાં ઉચ્ચ હોદ્દા સંભાળેલ છે. |
| ૨ | શ્રી આર.સી.રાવલ | નિવૃત્ત નિયામકશ્રી | સભ્ય | શ્રી રાવલ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ તરીકે દીર્ઘ સેવા આપી નિવૃત થયેલ. તેમની કારકિર્દીમાં GCERT, રાજ્ય પરીક્ષા બોર્ડ, પરીક્ષા નિયામક, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ જેવા વિવિધ શાખાઓમાં અગત્યની સેવા બજાવેલ છે. |
| 3 | શ્રી વલ્લભભાઈ પટેલ | સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય | તેઓશ્રી કોમર્સ શાખામાંથી ગ્રેજ્યુએશન કરેલ છે તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન તરીકે સેવા આપી રહેલ છે. તેઓએ સહકારી ક્ષેત્રમાં ઘણી ઉત્તમ સેવાઓ આપી રહેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | શ્રી દુર્ગેષ વામનરાય બુચ | ચાર્ટડ એકાઉન્ટન્ટ | સભ્ય | વ્યવસાયે CA એવા શ્રી બુચ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ. ના પ્રોફેશનલ ડીરેક્ટર તરીકે હાલ સેવા બજાવે છે. જ્યારે ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કલ્સનટન્ટ તરીકે તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એશોસિએશનના પૂર્વ- પ્રેસીડેન્ટ તરીકે સેવાઓ આપેલ છે. |
| ૫ | શ્રી નરેંન્દ્રભાઈ કે.પટેલ | સીવીલ એન્જીનીયર | સભ્ય | વ્યવસાયે એન્જીનીયર એવા શ્રી પટેલ અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી ખાતે સત્તર વર્ષની સેવા બજાવેલ છે. |

| સુરત ઝોન | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | લાયકાત | હોદ્દો | રીમાર્ક્સ |
| ૧ | શ્રી અશોક દવે | નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ | અધ્યક્ષ | તેઓશ્રી જિલ્લા ન્યાયાધીશ તરીકે સુદીર્ઘ સેવાઓ બજાવેલ છે. |
| ૨ | શ્રી કિશોરસિંહ ચાવડા | શિક્ષણાશાસ્ત્રી | સભ્ય | શ્રી ચાવડા શિક્ષણ ક્ષેત્રે એક જાણીતું નામ છે તથા સને ૨૦૦૫ થી જે. એચ. શાહ આર્ટ્સ અને એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ ખતે પ્રિન્સીપલ તરીકે સેવા બજાવેલ છે. તથા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. |
| 3 | શ્રી જગદીશભાઈ ચાવડા | સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય | શ્રી ચાવડા M.A., B.Ed. તથા PhD કરેલ છે. તેઓ રૂષભદેવ ચેરીટેબલ ટ્રસ્ટ – સુરતના પ્રમુખ અને સમન્વય શાળા સંકુલના મહામંત્રી તરીકે જવાબદારી નિભાવેલ છે. |
| ૪ | શ્રી રૂપેન પચ્ચીગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ | સભ્ય | તેઓ B.Com., LLB, અને FCA ની પદવી ધરાવે છે અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેઓ WRICA ના પૂર્વ ઉપાધ્યક્ષ છે અને વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલ છે. |
| ૫ | શ્રી પ્રશાંતભાઈ દેસાઈ | સીવીલ એન્જિનીયર | સભ્ય | શ્રી દેસાઈ વ્યવસાયે આર્કીટેક્ટ તથા તે ક્ષેત્રના નિષ્ણાંત ગણાય છે. |

| રાજકોટ ઝોન | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | લાયકાત | હોદ્દો | રીમાર્ક્સ |
| ૧ | શ્રી એમ.પી. શેઠ | નિવૃત્ત જજ | અધ્યક્ષ | તેઓશ્રી જિલ્લા ન્યાયાધીશ તરીકે સુદીર્ઘ સેવાઓ બજાવેલ છે. |
| ૨ | શ્રી વલી મહંમદ નાગાણી | શિક્ષણાશાસ્ત્રી | સભ્ય | શ્રી નાગાણી જિલ્લા શિક્ષણાધિકારી મોરબી તરીકે સેવા બજાવીને વય નિવૃત થયેલ. તેઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા DEIT ના પ્રિન્સીપાલ તરીકે પણ સેવાઓ બજાવેલ છે. |
| ૩ | શ્રી ડી.વી. મહેતા | સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય | શ્રી મહેતા જાણીતા શિક્ષણશાસ્ત્રી છે તથા બહુમુખી પ્રતિભા ધરાવે છે. તેઓએ શિક્ષણ ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે વિશાળ સેવાઓ આપેલ છે. |
| ૪ | શ્રી હિતેષભાઈ શાહ | ચાર્ટડ એકાઉન્ટન્ટ | સભ્ય | શ્રી શાહ બોમ્બે યુનિવર્સીટીમાંથી B.Com. ની પદવી ધરાવે છે. જેઓ CA તરીકે સને ૧૯૮૦ થી કાર્યરત છે અને વિવિધ ક્ષેત્રોનો અનુભવ ધરાવે છે. |
| ૫ | શ્રી ડી.ડી.ચનિયારા | સીવીલ એન્જીનીયર | સભ્ય | તેઓએ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં ટાઉન પ્લાનિંગ ડીપાર્ટમેન્ટમાં દીર્ઘ સેવાઓ આપેલ છે. |